સંદેશ, પાના નંબર :- ૦૨

તારીખ :- ૦૩/૦૪/૨૦૨૬

### રાત્રે મેટ્રોમાં રૂ.૫૦ની પેપર ટિકિટ જ ચાલશે

# IPL મેચોને લઈને મેટ્રો ટ્રેનની સેવા મધ્યરાત્રિ સુધી લંબાવાઈ

। અમદાવાદ ।

અમદાવાદમાં નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં તા. ૪ એપ્રિલથી તા. ૧૨ મે દરમિયાન કુલ સાત IPL ડે-નાઈટ ક્રિકેટ મેચ યોજાનાર છે. જેને ધ્યાને લઈને મેટ્રોની ટ્રેન સેવાને મધ્યરાત્રિના ૧૨:૩૦ કલાક સુધી લંબાવવામાં આવી છે. રાત્રિના ૧૦ વાગ્યા પછી મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી જ મેટ્રોમાં પ્રવેશ મેળવી શકશે. અહીંથી મુસાફરો અમદાવાદ મેટ્રોના તમામ કાર્યરત સ્ટેશનો સુધી જઈ શકશે.આ માટે ૫૦ રૂપિયાની સ્પેશિયલ પેપર ટિકિટ લેવી પડશે.

**તા.૧૨ મે સુધી યોજાનારી કુલ ૭ ડે-નાઇટ મેચો માટે મેટ્રોની વિશેષ સુવિધા**

મેચ બાદ દર્શકો સરળતાથી ઘરે પહોંચી શકે તે માટે ખાસ ટ્રેનો દોડાવાશે. જેમાં મોટેરા સ્ટેડિયમથી એપીએમસી માટે રાત્રે ૧૦ થી ૧૨:૩૦ સુધી, જુની હાઈકોર્ટથી વસ્ત્રાલ ગામ અને થલતેજ ગામ માટે રાત્રે ૧૦ થી ૧૨:૫૦ સુધી, મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર માટે રાત્રે ૧૧:૪૦ અને ૧૨:૧૦ કલાકે ટ્રેન દોડાવાશે.

મેચના દિવસે વિવિધ સ્ટેશનો પરથી પહેલેથી જ મુસાફરો પેપર ટિકિટ ખરીદી શકે છે. જેથી પરત ફરતી વખતે મુસાફરોને ટિકિટ ખરીદવા લાંબી લાઈનોમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મળે. ક્યુઆર ટિકિટ, સ્માર્ટ કાર્ડ, ટોકન વગેરે નિયમિત ટિકિટ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી જ માન્ય ગણાશે. અમદાવાદમાં તા. ૪, ૧૭, ૨૦, ૨૬, ૩૦ એપ્રિલ તેમજ તા. ૩ અને ૧૨ મેના રોજ ડે-નાઈટ IPL મેચો યોજાનાર છે.